ક્રિમીનલ કેસ નં. ૪૧૫૧/૨૦૧૮

<u>આંક.૧ લગત હુકમ</u>

1. સદરહુ કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે.આ કેસ આરોપી ને પ્રોસેસ ની બજવણી માટે રાખેલ છે. સદરહુ કેસ નુ રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ વંચાણે લેતા,આરોપી ને ઇસ્યુ કરેલ પ્રોસેસ બજેલ નથી. આરોપી વિરૂધ્ધ ઇસ્યુ કરેલ પ્રોસેસો ની બજવણી કરવા માં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમજ તે અંગે રેકર્ડ લક્ષ માં લેતા,પ્રોસેસ ની બજવણી થશે તેમ જણાય આવતુ નથી.
2. આરોપી વિરૂધ્ધ નો આક્ષેપ અને તે અંગે ની સજા ની જોગવાઇ તેમજ રેકર્ડ લક્ષ માં લેતા અને ઉપરોકત હકીકત અન્વયે સી.આર.પી.સી. ની કલમ.૨૫૮ ની જોગવાઇ લક્ષ માં લેતા,આરોપી ને પ્રોસેસ ની બજવણી થઇ શકે તેમ નથી અને તે સંજોગો માં કેસ ની હકીકત લક્ષ માં લેતા,કેસ ની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ. ૨૫૮ હેઠળ બંધ કરવા નુ ન્યાયોચિત જણાય આવે છે. આથી, ઉપરોકત હકીકતો એ અને કાયદા ની જોગવાઇ લક્ષ માં લેતા,નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

- આથી,આ કેસ ના આરોપી વિરૂધ્ધ ની કાર્યવાહી સી.આર.પી.સી. ની કલમ.૨૫૮ હેઠળ બંધ કરવા કરવા માં આવે છે. આરોપી જો ભવિષ્ય માં મળી આવે તો,ફરીયાદપક્ષ સી.આર.પી.સી.ની કલમ.૩૦૦(૫) હેઠળ આરોપી વિરૂધ્ધ ની આ કેસ ની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી શકશે.
- કેસ રજીસ્ટરે હુકમ ની નોંધ કરવી.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

[ દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ ]
૧૭ મા એડી.સિનિ.સી.જજ અને
એડી.ચીફ.જયુડી.મેજી.,વડોદરા
Code GJ00956

તારીખ.૧૦/૦૭/૨૦૨૧
વડોદરા